# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.03.2026** **MORNING: 7.45 TO 7.55**

**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં મહિલાઓ પર વૈશ્વિક પરિષદ 2026નું ઉદ્ઘાટન કરશે.

2) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન નિગમે નાગરિકોને ખાતરી આપી કે સરકાર રસોઈ ગેસની સરળ અને અવિરત આયાત સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

3) ખાડી દેશોમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે આજે મુંબઇ અને નવી દિલ્હી માટે બે ફ્લાઇટનું સંચાલન કરાશે

4) ભારતે પ્રવર્તમાન પુરવઠા વિક્ષેપો વચ્ચે કટોકટી તેલ સ્ટોક મુક્ત કરવાના આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી (IEA)ના નિર્ણયનું સ્વાગત કર્યું

5) FIH મહિલા હોકી વર્લ્ડકપ ક્વોલિફાયર 2026માં, ભારતીય ટીમે હૈદરાબાદમાં પૂલ B ના મુકાબલામાં વેલ્સ સામે વિજય મેળવ્યો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ- GCWAS 2026

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં મહિલાઓ પર વૈશ્વિક પરિષદ 2026નું ઉદ્ઘાટન કરશે. નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) કન્વેન્શન સેન્ટર ખાતે ત્રણ દિવસીય પરિષદ યોજાશે. આ પ્રસંગે કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ પણ હાજર રહેશે.

ગઈકાલે એક પત્રકાર પરિષદને સંબોધતા, ICAR ના ડિરેક્ટર જનરલ ડૉ. એમ. એલ. જાટે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ 2026 માં યુએન દ્વારા ઘોષિત મહિલા ખેડૂતો માટે આંતરરાષ્ટ્રીય વર્ષ દરમિયાન યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમની થીમનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે પ્રગતિ કરો , નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરો એ મહિલા ખેડૂતો પર વૈશ્વિક ધ્યાન કેન્દ્રિત કરે છે. ડૉ. જાટે કહ્યું કે આ પરિષદ તકનીકી નવીનતા અને સમાવિષ્ટ કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.

મંત્રાલયે માહિતી આપી હતી કે આ પરિષદમાં ભારત અને વિશ્વભરના વૈજ્ઞાનિકો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, ઉદ્યોગસાહસિકો, વિકાસ વ્યાવસાયિકો, મહિલા ખેડૂતો, સ્ટાર્ટ-અપ્સ અને વિદ્યાર્થીઓ સહિત 700 થી વધુ પ્રતિનિધિઓની ભાગીદારી જોવા મળે તેવી અપેક્ષા છે.

# REV PREZ JALSHAKTI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, જળ સંરક્ષણ દરેક નાગરિકનું કર્તવ્ય છે. નવી દિલ્હીમાં ચાલી રહેલા જળ મહોત્સવ 2026ના હિસ્સાના ભાગરૂપે એક રાષ્ટ્રીય

કાર્યક્રમને સંબોધતાં રાષ્ટ્રપતિશ્રીએ રાષ્ટ્રને પાણી સાથે એક અમૂલ્ય ખજાનાની જેમ વ્યવહાર કરવા આગ્રહ કર્યો છે.

**BYTE: PRESIDENT OF INDIA JAL JIVAN**

## PARLIAMENT TODAY

રાજ્યસભામાં આજે ગ્રામીણ વિકાસ મંત્રાલયના કાર્યપદ્ધતિ પર વધુ ચર્ચા કરાશે. લોકસભામાં, નાણામંત્રી નિર્મલા સીતારમણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની સેવાઓ માટે ભારતના સંકલિત ભંડોળમાંથી અને તેમાંથી કેટલીક વધારાની રકમની ચુકવણી અને વિનિયોગને અધિકૃત કરવા માટે વિનિયોગ બિલ, ૨૦૨૬ રજૂ કરવાના છે. ગઈકાલે, લોકસભાએ સ્પીકર ઓમ બિરલાને દૂર કરવા માટે વિપક્ષના ઠરાવને ધ્વનિમતથી નકારી કાઢ્યો.

**BYTE:--અમિત શાહ (ઓમબીરલા પ્રસ્તાવ)**

ગૃહમાં ચર્ચાનો જવાબ આપતાશ્રી શાહે કહ્યું કે, વિપક્ષ દ્વારા સ્પીકરની પ્રામાણિકતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે કહ્યું કે, લગભગ ચાર દાયકા પછી, લોકસભા સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે અને તે સંસદીય રાજકારણ અને ગૃહ બંને માટે  ખેદજનક ઘટના છે.

# BPCL- LPG SUPPLY

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) એ નાગરિકોને ખાતરી આપી છે કે સરકાર LPG આયાતને સરળ અને મુક્ત રીતે પાર પાડવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, BPCL એ જણાવ્યું કે વર્તમાન ભૂરાજકીય પરિસ્થિતિ અને LPG આયાતને અસર કરતી નાકાબંધીને કારણે, વ્યાપક વિતરણ સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ પુરવઠાને કાળજીપૂર્વક રેશન કરવામાં આવી રહ્યું છે. તેણે નોંધ્યું કે LPG સિલિન્ડરોની ફાળવણીમાં ઘરેલું ઘરોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

BPCLએ વધુમાં જણાવ્યું કે LPG સપ્લાય માટેની અન્ય વિનંતીઓની હાલમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સની બનેલી સંયુક્ત સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી રહી છે.

# INDIANS REPATRIATED FROM WEST ASIA

ભારતે પશ્ચિમ એશિયામાં તેના નાગરિકોને સહાય વધારી છે. બેરૂતમાં ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, ગઈકાલે તેમના નોકરીદાતા દ્વારા ગોઠવાયેલી ચાર્ટર ફ્લાઇટમાં 177 ભારતીય નાગરિકોના પ્રથમ જૂથને નવી દિલ્હી પરત મોકલવામાં આવ્યું હતું. લેબનોનમાં ભારતના રાજદૂત નૂર રહેમાન શેખ દ્વારા

**બેરૂત-રાફિક હરીરી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આ જૂથને વિદાય આપવામાં આવી હતી.**

**દરમિયાન, કતારમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે કતારમાં ફસાયેલા 500 થી વધુ ભારતીયો ગઈકાલે કતાર એરવેઝની ફ્લાઇટ્સ દ્વારા ભારત ગયા હતા. મુસાફરો નવી દિલ્હી અને મુંબઈ સહિતના સ્થળો માટે રવાના થયા હતા. દૂતાવાસે ઉમેર્યું હતું કે કતાર એરવેઝ આજે ભારત માટે મુંબઇ અને દિલ્હી માટે બે વધારાની ફ્લાઇટ્સ, ચલાવવાનું આયોજન કરે છે.**

**દૂતાવાસે એમ પણ કહ્યું હતું કે ભારતીય નાગરિકો માટે પાસપોર્ટ ઝડપથી જારી કરવા પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. વર્તમાન પરિસ્થિતિને કારણે, પાસપોર્ટ અરજીઓ લેવા માટે દૂતાવાસ અઠવાડિયાના બધા દિવસો ખુલ્લું રહે છે**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IEA- OIL STOCKS

ભારતે પ્રવર્તમાન પુરવઠા વિક્ષેપો વચ્ચે કટોકટી તેલ સ્ટોક મુક્ત કરવાના આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી (IEA) ના નિર્ણયનું સ્વાગત કર્યું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીનો સહયોગી સભ્ય છે અને આંતરરાષ્ટ્રીય ઉર્જા સહકારમાં સક્રિય સહભાગી છે.

ભારત વૈશ્વિક ઉર્જા બજારોમાં, ખાસ કરીને મધ્ય પૂર્વમાં, વિકસતી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના પ્રયાસો સાથે વૈશ્વિક બજાર સ્થિરતાને ટેકો આપવા માટે યોગ્ય પગલાં લેવા તૈયાર છે.

# US-STRATEGIC PETROLEUM RESERVE

યુએસ ઉર્જામંત્રી ક્રિસ રાઈટે ગઈકાલે જણાવ્યું હતું કે ઈરાન પર યુએસ-ઇઝરાયલ યુદ્ધથી પુરવઠાને અસર થવાને કારણે તેલના વધેલા ભાવ ઘટાડવા માટે દેશ તેના વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામતમાંથી 172 મિલિયન બેરલ તેલ મુક્ત કરશે. ક્રિસ રાઈટે જણાવ્યું હતું કે આ મુક્તિ 32 દેશોની આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી દ્વારા અગાઉ સંમત થયેલા 400 મિલિયન બેરલ તેલના વ્યાપક મુક્તિનો એક ભાગ છે. રાઈટે જણાવ્યું હતું કે આ મુક્તિ આવતા અઠવાડિયે શરૂ થશે અને પહોંચાડવામાં લગભગ 120 દિવસ લાગશે.

આ તરફ ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે કહ્યું કે જ્યાં સુધી યુએસ અને ઇઝરાયલી હુમલા બંધ ન થાય ત્યાં સુધી તે ગલ્ફમાંથી તેલના શિપમેન્ટને રોકશે. યુદ્ધે વિશ્વભરના બજારોને હચમચાવી નાખ્યા છે.

## FIH HOCKEY

FIH મહિલા હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયર 2026 માં, ભારતીય ટીમે ગઈકાલે સાંજે હૈદરાબાદમાં પૂલ Bના મુકાબલામાં વેલ્સ સામે 4-1 થી વિજય મેળવ્યો છે. નવનીત કૌરે ત્રણ ગોલ જ્યારે સાક્ષી રાણાએ એક ગોલ કર્યો. ભારત હવે આવતીકાલે સેમિ-ફાઇનલમાં ઇટાલી સામે ટકરાશે.

## WEST-ASIA

પશ્ચિમ એશિયામાં તણાવ ઝડપથી વધી રહ્યો છે. ઈરાને પર્સિયન ગલ્ફમાં વાણિજ્યિક શિપિંગને નિશાન બનાવ્યું છે અને યુએઈમાં ઉડ્ડયન માળખા પર હુમલાનો પ્રયાસ કર્યો છે.

અબુ ધાબીના અધિકારીઓએ જણાવ્યું હતું કે હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ આવતા ખતરાને અટકાવ્યા પછી જૂના અબુ ધાબી એરપોર્ટ નજીક આગ ફાટી નીકળી હતી; તેને ઝડપથી કાબુમાં લેવામાં આવી હતી. અગાઉ 11 માર્ચે દુબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડ્રોન હુમલામાં એક ભારતીય નાગરિક સહિત 4 લોકો ઘાયલ થયા હતા.

# UNSC RESOLUTION-IRAN-ISRAEL CONFLICT

UN સુરક્ષા પરિષદે એક ડ્રાફ્ટ ઠરાવ પસાર કર્યો છે જેમાં ઈરાનને ગલ્ફ દેશો પરના હુમલા તાત્કાલિક બંધ કરવા હાકલ કરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તેઓ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરે છે અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ગંભીર ખતરો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- રિલાયન્સના અમેરિકામાં **300** અબજ ડોલરના રોકાણ અને સુપ્રીમ દ્વારા ઈચ્છા મૃત્યુની મંજૂરીના સમાચારોને તમામ અખબારોએ મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે
- ગુજરાત સમાચારની હેડલાઈન છે... મુકેશ અંબાણી અમેરિકામાં **300** અબજ ડોલરની રિફાઇનરી નાખશે
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે... અમેરિકાના ઇતિહાસની સૌથી મોટી રિફાઇનરી માટે રિલાયન્સ સાથે ડીલ
- સંદેશની હેડલાઈન છે.. ઐતિહાસિક.. સુપ્રીમ કોર્ટે સૌ પ્રથમવાર ઈચ્છા મૃત્યુને મંજૂરી આપી
- સંદેશે અન્ય હેડ લાઈનમાં... ગુજરાત આવી રહેલા થાઇ શીપ પર ઈરાનનો હુમલોને સ્થાન આપ્યું છે
- આ ઉપરાંત, લોકસભામાં ઓમ બિરલા સામે વિપક્ષનો અવિશ્વાસ પ્રસ્તાવ નકારાયો......ના સમાચારને પણ મુખ્ય પાને સ્થાન મળ્યું છે
- સ્થાનિક સમાચારોમાં...અમદાવાદમાં ડ્રાઇવર લેસ મેટ્રો દોડશે... ગૃહમાં ડિગ્રીની બબાલ ....અમદાવાદની હવામાં જોખમી કણોનું પ્રમાણ **10** ગણું વધારે ....જેવા સમાચારોને સ્થાન મળ્યું છે
- 28 માર્ચથી શરૂ થઇ રહેલી IPL ટુર્નામેન્ટમાં સમાચારને તમામ અખબારોએ સ્પોર્ટસ પેજ પર સ્થાન આપ્યુ છે